
ISBN-978-81-973071-2-6
First Edition



ISBN-978-81-973071-2-6
First Edition

# Gujarati Shorts in Modern Era

**Dr. Varsha C. Brahmbhatt**

**"Gujarati Shorts in Modern Era"**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-2-6
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-2-6
All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-2-6
First Edition

## પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના આધુનિકયુગના મૂળમાં વિદ્રોહ, અસ્વીકાર અને ઉચ્છેદ પડેલા છે. સુરેશ જોષીથી આરંભાયેલ આધુનિકયુગીન સાહિત્યમાં નવી સંવેદનાને અભિવ્યક્ત કરવા પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, ઇન્દ્રિયવ્યત્યય દ્વારા મનુષ્યજીવનની સંવેદનાને અભિવ્યક્તિ અપાઈ.

આધુનિક યુગની ટૂંકીવાર્તાઓમાં નારીવાદી લેખિકાઓની કલમે સ્ત્રીસંવેદના અને નારીશોષણની વાત અસરકારક રીતે રજૂ થઇ છે. પ્રસ્તુત પુસ્તકમાં સરોજ પાઠક, કુંદનિકા કાપડિયા, ધીરુબેન પટેલ, વર્ષા અડાલજા જેવા પ્રયોગશીલ વાર્તાકારોએ સમાજમાં ઉપેક્ષિત નારીની પીડાને, મનોવ્યથાને, નારીશોષણને, વાર્તાસાહિત્યના માધ્યમથી વ્યક્ત કરી છે.

નારીની કલમે નારીશોષણને અભિવ્યક્ત કરતી વાર્તાઓમાં નિરુપિત શોષણ સંદર્ભે આ પુસ્તકમાં વાત કરવામાં આવી છે.

**ડૉ. વર્ષા સી. બ્રહ્મભટ્ટ**

ISBN-978-81-973071-2-6
First Edition

# CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | આધુનિક ટૂંકી વાર્તાઓમાં શોષણનું નિરૂપણ | 1 |
| 2 | સરોજ પાઠક (1-6-1929 થી 16-4-1989) | 4 |
| 3 | કુન્દનિકા કાપડિયા (11-1-1927) | 6 |
| 4 | ધીરુબહેન પટેલ (29-05-1926) | 12 |
| 5 | વર્ષા અડાલજા (10-04-1949) | 15 |

ISBN-978-81-973071-2-6
First Edition

# આધુનિક ટૂંકી વાર્તાઓમાં શોષણનું નિરૂપણ

ઈ.સ.1955 આસપાસ શરૂ થયેલા ગુજરાતી સાહિત્યના 'આધુનિકયુગ'ના મૂળમાં વિદ્રોહ, અસ્વીકાર અને ઉચ્છેદ પડેલા છે. બીજું વિશ્વયુદ્ધ, પરમાણુ બોમ્બની વિનાશક અસર, સામ્યવાદ, મૂડીવાદ જેવા પડકારો વિશ્વશાંતિ સામે આવીને ઊભા રહ્યા.

આઝાદીની પ્રાપ્તિની સાથે જ કોમી રમખાણો, માનવવસ્તીની હિજરત, ગાંધીજીની હત્યા તથા યંત્રયુગના જબરજસ્ત પ્રભાવને પરિણામે 1955 પછીનું આધુનિક સાહિત્ય પરંપરાપ્રેરક સાહિત્યથી જુદું પડે છે. 'આધુનિક' સંજ્ઞાનું મૂળ સંસ્કૃત શબ્દ 'અધુના'માં છે. આધુનિકતા અંતર્ગત આજના સાંપ્રતયુગની આસ્થાહીનતા, શૂન્યતા, વિચ્છિન્નતા, અર્થહીનતા અપેક્ષિત છે. પરંપરાનો વિચ્છેદ એ આધુનિકતાનું પ્રથમ લક્ષણ હતું.

ગુજરાતી સાહિત્યમાં આધુનિકયુગનાં લક્ષણોને સુરેશ જોષીએ સૌ પ્રથમ ઉજાગર કર્યાં. વિશ્વસ્તરે વ્યાપેલી જીવનવિગ્રહની કારમી વેદના ગુજરાતી સાહિત્યના સર્જકને હચમચાવી ગઈ. નવી સંવેદનાને અભિવ્યક્ત કરવા પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, ઇન્દ્રિયસંવેદ્યતા, ઇન્દ્રિયવ્યત્યય દ્વારા યંત્રસંસ્કૃતિની જડતા, મનુષ્યજીવનની વ્યર્થતા, એકલતા વૈશ્વિક સ્તરની સંવેદના બની ગઈ. આના મૂળમાં અસ્તિત્વવાદી વિચારધારા રહેલી હતી. અસ્તિત્વવાદના આદ્ય પ્રવર્તક અને ઓગણીસમી સદીના ડેનિશ વિચારક કિર્કેગાર્ડેથી સાર્ત્ર સુધીના બધા અસ્તિત્વવાદી ચિંતકોએ કવિઓ, વાર્તાકારો, નાટ્યકારો ઉપર ઊંડો પ્રભાવ પાડ્યો. વેદના-સંવેદનાથી ભરેલું આધુનિક માનવીનું જીવન સર્જકના સર્જનનો વિષય બને છે.

સાહિત્યમાં આધુનિકતાનો શંખનાદ સૌ પ્રથમ ફ્રેંચ કવિ બોદલેરે ફૂંક્યો – આધુનિકયુગનાં શ્રી ગણેશ ગુજરાતી સાહિત્યના સુરેશ જોષીના સર્જનથી થાય છે. નાટક, નવલકથાની જેમ ટૂંકી વાર્તાએ આધુનિકયુગમાં મૂર્તમાંથી અમૂર્ત, સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ ગતિ કરી. નવી નવલિકાનું કથાનક વિચાર કે સંવેદનનો તંતુ પ્રતીક, કલ્પન કે કપોલકલ્પિત સૃષ્ટિરૂપે આકારિત થાય છે. આધુનિકયુગમાં ઘટનાને સ્થળ-સમયના સંદર્ભમાંથી મુક્ત કરીને 'ઘટનાતત્ત્વનો હ્રાસ' કરવાનું વલણ વિકસે છે. સુરેશ જોષીની 'ગૃહપ્રવેશ'ની નવલિકાઓ તેમની પ્રયોગશીલતાનું પરિણામ છે.

આધુનિકયુગના સર્જનકાર્યમાં મધુ રાય, કિશોર જાદવ, રઘુવીર ચૌધરી, જ્યોતિષ જાની, પિનાકીન દવે, ઘનશ્યામ દેસાઈ, ભગવતીકુમાર શર્મા, ધીરુબેન પટેલ, કુંદનિકા કાપડિયા, આધુનિકતાને અપનાવનાર પ્રયોગશીલ લેખકો છે.

ગુજરાતી વાર્તામાં સાતમા દાયકાથી નારાવાદી વિચારસરણીના પ્રભાવ હેઠળ નારીની બદલાયેલી છબિ આલેખવાના વાર્તાકારોના પ્રયત્નો જોવા મળ્યા. નારીવાદી આંદોલનોએ સ્ત્રીઓમાં જાગૃતિ આણી પોતાની ઇચ્છા-અનિચ્છા, ઝંખના અને અસંતોષ વ્યક્ત કરતી થઈ. શોષણ સામે અવાજ ઉઠાવીને પુરુષપ્રધાન સમાજે પહેરાવેલી ગુલામીની બેડી ફગાવી દેવાની હિંમત કરી.

ધીરુબહેન પટેલ, કુંદનિકા કાપડિયા જેવાં વાર્તાકારો પાસેથી સામાજિક જવાબદારીઓમાં ગૂંચવાતી, મૂંઝાતી, કંટાળતી નારીની વિવિધ સમસ્યાઓનું નિરૂપણ મળે છે. આ પાત્રો ક્યારેક પરિસ્થિતિનો સ્વીકાર તો ક્યારેક તેની સામે બંડ પોકારતાં આલેખાયાં છે. જ્યારે સરોજ પાઠકના વાર્તાવિશ્વમાં મનોવ્યથા સહન કરતાં સ્ત્રી-પાત્રો વિદ્રોહને બદલે સમસ્યા સામેની શરણાગતિ સ્વીકારતાં આલેખાયાં છે. દા.ત., 'સારિકા પિંજરસ્થા'માં નાયિકા સારિકા જન્મથી લઈને મૃત્યુ સુધી માત્ર પુરુષની ઇચ્છાઓને આધીન રહીને જીવન વિતાવતી નારીની વાત છે. વર્ષા અડાલજાના વાર્તાવિશ્વમાં પણ દબાયેલી, કચડાયેલી, પોતાના માટે જીવવાનું ભૂલી ગયેલી, પરિસ્થિતિ સામે હથિયાર નાંખી દઈ સમાધાનકારી જીવન જીવતી સ્ત્રી આલેખાઈ છે. ઇલા આરબ મહેતાની 'શમિક, તું શું કહશે?'માં નારી હવે વધુ વેઠી લેવા તૈયાર નથી અને પ્રતિકાર કરવા તૈયાર છે એવું દર્શાવ્યું છે.

નવી ટૂંકી વાર્તા વિભાવના અને તેને અનુસરનારી નૂતન પ્રયોગશીલતાને સુરેશ જોષીએ અપનાવી. સરોજ પાઠકે વાર્તાકાર તરીકે આધુનિક માણસની નિઃસહાયતા, એકલતા, હતાશને નિરૂપી. તેમની વાર્તાઓમાં પાત્રનાં માનસસંચલનો તેમજ સ્ત્રીની વેદના-સંવેદનાને નિરૂપતું નારીવાદી ચિંતન જોવા મળે છે. તેમની વાર્તાઓમાં પ્રણયની વિફળતા, દામ્પત્યજીવન અને મધ્યમવર્ગના પ્રશ્નોને વાચા અપાઈ છે.

આધુનિક પ્રયોગશીલ વાર્તાકાર તરીકેના તેમની પાસેથી સાત વાર્તા સંગ્રહો – 'પ્રેમઘટા ઝૂક આઈ' (1959), 'પ્રીત બંધાણી' (1961), 'વિરાટ ટપકું' (1964), 'મારો અસબાબ મારો રાગ' (1966), 'તથાસ્તુ' (1972), 'હુકમનો એક્કો' (1987), 'હું જીવું છું' (1990) (મરણોત્તર વાર્તાસંગ્રહ)માં કુલ મળીને એકસો ત્રેવીસ વાર્તાઓ મળે છે.

'ન કૌંસમાં ન કૌંસ બહાર', 'સારિકા પિંજરસ્થા'માં નારીચિત્તનાં સંચલનોને તપાસવાનો ઉપક્રમ રહ્યો છે. સાતમા દાયકાની પ્રસિદ્ધ વાર્તા 'સારિકા પિંજરસ્થા'માં માનસશાસ્ત્રીય નિરૂપણ જોવા મળે છે. પુરુષપ્રધાન સમાજમાં શોષાતી અને પરાધીનપણામાં મૂંગી રહી રિબાતી નારીના માનસિક ત્રાસની ચૈતસિક આંતરક્રિયાઓ આલેખી છે. વાર્તાની નાયિકા સારિકાનાં લગ્ન બાદ ઊભી થતી મૂંઝવણભરી પરિસ્થિતિને લેખિકાએ પ્રતીકો, અન્ય પાત્રોની ગતિવિધિ, નૃત્યની તાલીમ અને મદારીની વાત રજૂ કરી નાયિકાની વેદના, પરવશતા અને અકારા જીવનની વેદનાને રજૂ કરી છે.

'ન કૌંસમાં ન કૌંસ બહાર'માં નાયિકા સૂચિની યંત્રણાભરી જિંદગીની વાત કરી છે. પ્રણયવિચ્છેદની વેદનાનો અનુભવ કરતી નાયિકાનાં ત્રણ વાસ્તવ - એક, (કૌંસ) બહારનું તેનું પતિ સાથેનું સમૃદ્ધ દાંપત્યજીવન, બીજું, દામ્પત્યજીવનને નિમિત્તે 'પેલા'ને બતાવી દેવાનો આક્રોશ, ત્રીજું, (ન કૌંસ) અંદર બતાવી દેવાની કે (ન કૌંસ) બહારથી સુખી હોવાની વાસ્તવિકતાથી પરનું તેનું આંતરસત્ત્વ.

'સારિકા પિંજરસ્થા'માં પુરુષપ્રધાન સમાજમાં જન્મથી જ આવતી પિતૃસત્તા, લગ્ન બાદ પતિની સત્તા, એમ સતત પુરુષના આધિપત્ય હેઠળ જીવતી નાયિકા મુક્તિ ઝંખે છે. નાનપણમાં ઇચ્છા વિરુદ્ધ

ISBN-978-81-973071-2-6
First Edition

ગણિત ભણવું, યુવાન વયે અનિચ્છિત દાક્તરી લાઇન લેવી, ભણતર અધૂરું મૂકી લગ્ન થવાં – તેનો રંજ અને ધૂંધવાટ હૈયામાં ધરબીને પરણીને સાસરે આવે છે. સાસરીમાં ભદ્ર સમાજની અભદ્રતાનો ભોગ બનવું પડે છે. બધા જ નિર્ણયો પુરુષની સત્તાથી જ લેવાતા અને થોપાતા હોવાથી તનાવગ્રસ્ત સ્થિતિનો અનુભવ કરતી નાયિકા સતત મુક્તિ ઇચ્છે છે. પતિના અવસાન બાદ મનમાં ધરબી રાખેલાં સ્વપ્ન, ઇચ્છાઓ વલોપાતરૂપે બહાર નીકળે છે. આ પિંજરમાંથી જીવતે જીવ મુક્ત થવું મુશ્કેલ છે. દેહરૂપી પાંજરામાંથી મુક્ત થવું પડશે એવી વ્યંજના વાર્તાના અંતે સિદ્ધ થાય છે.

જીવનના રોજ-બ-રોજના વ્યવહારો અને રોજિંદી વાસ્તવિકતામાંથી જન્મતા પ્રશ્નોને સરોજ પાઠક પસંદ કરે છે.

સરોજ પાઠકની વાર્તાઓમાં સ્ત્રીસંવેદના અને સ્ત્રીસમસ્યા તેના કેન્દ્રમાં છે. સ્ત્રીના જીવનની રોજ-બ-રોજની અન્યાયી ઘટનાઓ તરફની તેની પ્રતિક્રિયા તથા નારીના જાગૃત-અર્ધજાગૃત મનમાં ચાલતી વિચારપ્રક્રિયાઓને સરોજ પાઠકે તાગવાનો પ્રયાસ કર્યો છે.

વાર્તાકાર સરોજ પાઠક નારીના ભાવજગતને તપાસે છે. દામ્પત્યજીવનના પ્રશ્નો, લગ્નેતર સંબંધો, પ્રણયત્રિકોણ, વૃદ્ધાવસ્થાની સમસ્યાઓ, નોકરી કરતી મધ્યમવર્ગીય સ્ત્રીના પ્રશ્નો જેવું વિષયવૈવિધ્ય તેમની વાર્તાઓમાં જોવા મળે છે.

વીસમી સદીનો છઠ્ઠો દાયકો નવા સ્થિત્યંતરનો, આધુનિક સાહિત્યનો પ્રારંભકાળ છે. સરોજ પાઠકની સર્જનયાત્રા વીસમી સદીના છઠ્ઠા દાયકામાં આરંભાઈ ને સાતમા દાયકામાં વિશેષ નોંધપાત્ર બની રહે છે. ‘આધુનિકતા’ની પશ્ચિમી વિભાવના હેઠળ નવા પ્રવાહોનો આરંભ થાય છે.

સ્વરૂપદૃષ્ટિએ ટૂંકી વાર્તાના બે ભેદ પાડી શકાયઃ

(1) પરંપરાગત વાર્તાસ્વરૂપ

(2) આધુનિક વાર્તાસ્વરૂપ

### (1) પરંપરાગત વાર્તાસ્વરૂપ

પરંપરાગત એટલે જૂની વાર્તા મનોરંજક હોવાની સાથે ઉપદેશપ્રધાન પણ હતી. ‘જીવન ખાતર કલા’નો ખ્યાલ ધરાવતી પ્રાચીન સાહિત્યની વાર્તાથી આધુનિક વાર્તાકળા તદ્દન ભિન્ન જોવા મળે છે.

### (2) આધુનિક વાર્તાસ્વરૂપ

આધુનિક વાર્તાઓમાં સમાજકેન્દ્રિતાને સ્થાને વ્યક્તિકેન્દ્રિતા આવે છે. ‘કલા ખાતર કલા’ની વિભાવના વ્યાપક બને છે. સર્જક સમાજને નહીં પરંતુ પોતાની આંતરિક નિસ્બતને અને સર્જનપ્રક્રિયાને જવાબદાર બને છે.

પ્રાચીન વાર્તામાં કુતુહલપ્રેરક અદ્ભુ.ત સૃષ્ટિ રચાતી. આધુનિક વાર્તાઓમાં પોતાના સમયની આસપાસની સૃષ્ટિ કે પોતાના જ અનુભવવિશ્વમાંથી સંવેદેલું વિશ્વ પ્રગટ કરે છે. સમય બદલાતાં સમાજની રચના અને તેની સાથે કલાની વિભાવના પણ બદલાય છે. સુરેશ જોશીએ પ્રબોધેલી ઘટનાહ્રાસ અને

ISBN-978-81-973071-2-6
First Edition

ટેકનિકના મહિમાવાળી વાર્તાઓના સફળ પ્રયોગો કર્યા. ચંદ્રકાંત બક્ષીની વાર્તાઓ મહદ્ અંશે ઘટનાપ્રધાન અને તેમાં એકલતા, નિઃસહાયતામાં પીડાતા, રુગ્ણ છતાં બૌદ્ધિક માનસ ધરાવતાં પાત્રો નિરૂપ્યાં છે.

**સરોજ પાઠક (1-6-1929 થી 16-4-1989)**

*આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે પ્રયોગશીલ વાર્તાકાર તરીકે સરોજ પાઠકનું નામ નોંધપાત્ર છે. તેમની વાર્તાકલામાં ઘટનાતત્ત્વના આલેખન સાથે પાત્રના અંતર્વાસ્તવને આલેખવાનું લક્ષ્ય રહ્યું છે. પાત્રના આંતરિક મનોભાવને ઘટનાનિરૂપણ દ્વારા ચરિતાર્થ કરવાનું તેમનું વલણ છે. તેમની નવલિકાઓમાં માનવમનના ઊંડાણને તાગવાનું અને નારીજગતની વિવિધ સંવેદનાઓને નિરૂપવાનું વલણ જોવા મળે છે. સંવેદનશીલ અભિવ્યક્તિ સરોજ પાઠકની વાર્તાસૃષ્ટિનું જમા પાસું છે.*

*પોતાના વાર્તાસર્જન માટે સરોજ પાઠકના શબ્દોમાં કહીએ તો – "મારા ચિત્તમાં વાર્તા જેવા જ આકાર ધારણ કરી પ્રગટવા મથે છે...."(1) સરોજ પાઠકની વાર્તાઓમાં જ્યારે નાયક-નાયિકાને સંબંધો ભારરૂપ લાગે ત્યારે એવા સંબંધોના અસ્વીકાર બતાવવામાં આવે છે.*

**'સારિકા પિંજરસ્થા'**

'સારિકા પિંજરસ્થા' વાર્તા આપણી સામાજિક વ્યવસ્થામાં પોતાની મરજી વિરુદ્ધ જીવનપ્રવાહમાં તણાતાં-તણાતાં, મનોવ્યથા અનુભવતી નારીની વ્યથાકથા છે. સ્વગતોક્તિની સાથે ચાલતી આ વાર્તા નારીના માનસિક, શારીરિક અને આર્થિક શોષણનું નિરૂપણ કરે છે.

વાર્તાના આરંભથી અંત સુધી દવાખાનાની પથારીએ પડેલી વાર્તાનાયિકા વચ્ચે-વચ્ચે ભૂતકાળની સ્મૃતિઓમાં સરી પડે છે અને જો નાયિકાનું સમગ્ર જીવનનું એક વિહંગાવલોકન કરવામાં આવે તો ઘટનાઓની ઘટમાળમાં પોતાની મરજી વિરુદ્ધ સંવેદનહીન બનીને તેના નજીકનાં કહી શકાય તેવાં માતા-પિતાથી લઈને પતિ, સાસુ સર્વે એક પ્રકારે તેની ઇચ્છા વિરુદ્ધના નિર્ણયો તેની પોતાની જિંદગી માટે એક યા બીજા કારણોસર લેવડાવે છે. તેની અસર માનસપટલ પર એટલી ઘેરી પડે છે કે તે દવાખાનાની પથારી પર પડ્યાં-પડ્યાં પણ અનાપસનાપ બડબડાટ કરે છે. તેના લવારાને તેના માનસિક અસંતુલનમાં ખપાવી દેવામાં આવે છે અને તેના પલંગ ફરતે પાંજરું ગોઠવી દેવામાં આવે છે, જે આ વાર્તાનું શીર્ષક બને છે.

વાર્તાકાર વાર્તાના અંતે લગાવવામાં આવતું પાંજરુ જે દૃશ્ય છે પણ સમગ્ર જીવન દરમ્યાન એક અદૃશ્ય પાંજરામાં જીવતી નારીની મનોવ્યથા અને એના થતા શોષણને સફળતાપૂર્વક નિરૂપ્યું છે.

પહેલા વરસાદની ભીની રેતીની સુગંધ અને રેતી પર પડતા વરસાદના છાંટા જોઈ બાલ સારિકાનું મન ભણાવવા આવેલા માસ્તરની વાતોમાં ચોંટતું નથી. પણ ભણવાનો સમય સચવાવો જ જોઈએ એ સારિકા માટે તેનાં મા-બાપનો કડક નિયમ હતો. માસ્તરની ભણવાની વાતોમાંથી એનું ચિત્ત હટી ગયું હતું અને તે બાળસહજ કુતૂહલથી તે પ્રશ્ન કરી બેસે છે કે-

ISBN-978-81-973071-2-6
First Edition

"સાહેબ, પેલા ઢગલાની રેતીમાં ટેકરા બનાવવાની, ખાડામાં પાણી ભરવાની કેવી મજા પડે નહિ?"(2)

સારિકાની વાત સાંભળી ડઘાઈ ગયેલા માસ્તરે સારિકાને માથામાં મારેલી સ્લેટ અને પરિણામે નીકળેલા લોહીનો શારીરિક-માનસિક આઘાત સારિકાના ચિત્ત પર એવો તે અંકાઈ ગયો કે આજે આટલાં વર્ષે વૈધવ્ય બાદ પણ બોલી ઊઠે છે કે,

"ઓહ. લોહી..લોહી..લોહી.. મેં શો ગુનો કર્યો હતો?"(3)

દવાખાનાની પથારીમાં પડ્યાં પડ્યાં પણ તે આઠ-નવ વર્ષની બાળકી હતી ત્યારે વાગેલો ઘા હજી પણ તેના માનસપટલ પર તાજો છે. વાર્તાકારે સારિકાના જીવનના અધૂરા અભરખાઓને કારણે લાગેલો માનસિક આઘાત સજીવન કર્યો છે. સારિકાનાં લગ્નમાં ના શરણાઈ, ના જમણ, ના જાનનું નીકળવું વગેરે બાબતોનો અફસોસ છે. સમગ્ર વાર્તામાં સારિકાના જીવનમાં તેણે જે ઇચ્છ્યું તે મળ્યું નથી અને જે મળ્યું છે તે જીવનને પરાણે સ્વીકારવું પડ્યું છે આ બાબતનો વસવસો તેના જીવને કોરી ખાય છે. સારિકાની આ માનસિક યાતનાને નીચેની ઘટનાઓથી નિરૂપવામાં આવી છે.

*(1) સારિકાને મરજી વિરુદ્ધ વિજ્ઞાનપ્રવાહમાં ભણાવવી*

*(2) ડોક્ટર થવા તરફ જવા માંગે છે ત્યારે તેને રોકવી.*

*(3) કારકિર્દી સમયે પરણવાની ઇચ્છા ન હોવા છતાં પરાણે પરણાવવી.*

*(4) લગ્નની કોઈ પણ વિધિ વગર લગ્ન થવાં.*

*(5) વ્યસની પતિ સાથે વિવાહ અને અકાળે વૈધવ્ય*

*(6) પતિના દુરાગ્રહથી ડાન્સિંગ ક્લબમાં જોડાવું*

*(7) અનિચ્છાએ પતિના અનૈતિક સંબંધોના સાક્ષી બનવું*

પતિના મૃત્યુ બાદ સારિકા રુદન કરતી નથી તેની સમાજ દ્વારા, સગાંવહાલાં દ્વારા ટીકા કરવામાં આવે છે. લોકોની ગુસપુસ સારિકાના કોને અથડાય છે ત્યારે સારિકાને થયું- "રડવું જોઈએ, રડવું જોઈએ. મારે માટે ખૂબ ખૂબ રડવાનો દિવસ આવી પહોંચ્યો છે. એ ગયા...! જેની ઇચ્છાઓ, આનંદો માટે મેં મારી લાગણીઓ જડ બનાવી દીધી, જેને ઇશારે હું આજ દિવસ સુધી નાચી એ રંગભૂમિનો સૂત્રધાર આજે નથી. આજે તો છે, આવડું મોટું ઘર, એમાંનાં સગાંસંબંધીઓ, નોકરચાકર, સગવડો અને ધુમાડાની સેર જેવી ક્યાંક ક્યાંક અનુભવી શકાતી પતિ પાછળની મૃત્યુની એ શાંતિ - ભયાનક શાંતિ."(4)

સારિકાની આવી સ્વગતોક્તિમાંથી તેને વૈધવ્યનું દુઃખ નથી, લોકલાજે તેને રડવું પડે છે તેવી નરી વેદના અને લાચારી પ્રગટે છે. "મૃત્યુ-મૃત્યુ-વૈધવ્ય... છતાં આંખો સૂકીલૂખી ધરતી જેવી વેરાન કેમ બની છે? મારે રડવું છે... બીજાને ખાતરેય રડવું છે. આજ દિન સુધી બીજાઓને ખાતર મેં બધું કર્યું, અને આજે રડી ન શકું? આંસુ... આંસુ આંસુઓ મને દગો દેશે?"(5)

સારિકાની મનોવેદનાને સમજી ન શકનાર ડોક્ટરોના મુખે તે બે માસથી જુદા જુદા રોગનાં નામ સાંભળતી, લાચારીથી હોસ્પિટલના ખાટલે પડી રહે છે. સારિકાની બૂમો ગાંડપણ, લવારા કે સનેપાત, ધમપછાડાને લીધે તેના પલંગની ચારે બાજુ પાંજરું પાડી દેવામાં આવે છે અને એ પાંજરામાં સારિકાના શરીર અને પ્રાણ ફફડી રહ્યાં છે.

પ્રસ્તુત વાર્તામાં વાર્તાકાર સરોજ પાઠકે સ્ત્રીના ઘરગથ્થુ અસ્તિત્વની કરુણતાને એક સમસ્યારૂપે નિરૂપી છે. સમગ્ર વાર્તામાં નાયિકાની અર્ધજાગૃત દર્દીની અવસ્થાના અસ્તવ્યસ્ત ઉદગારો દ્વારા મનઃસ્થિતિને અસરકારક રીતે વ્યક્ત કરી છે. અહીં ભદ્રવર્ગના અભદ્ર વ્યવહારો અને નારીની સંવેદનાનું હનન કરતા પુરુષવર્ગને ઉઘાડો પડ્યો છે.

'સારિકા પિંજરસ્થા' શીર્ષકમાં 'પિંજરસ્થા'નું વિશેષણ નાયિકાના નામને લગાડીને વાર્તાકારે પિંજરામાં પુરાયેલી મેના સાથે નાયિકાની તુલના કરી છે. પિંજરું વેદના, પીડા અને અસહાયતાનું પ્રતીક બને છે. અનિચ્છાએ કેળવણી અને અભ્યાસમાં રસ જાગતાં વડીલો-વાંચ્છિત લગ્ન એક મોટું પિંજર અને લગ્ન બાદ પતિની જોહુકમી તે એક બીજું મોટું પિંજર નાયિકાના વ્યક્તિત્વ અને સ્વાતંત્ર્યના પૂર્ણ વિકાસને રુંધે છે. વાર્તામાં ધુમાડાનાં ગૂંચળાં, કૂંડાળા ને ચશ્માંના કાચ, નૃત્યની તાલીમ, કૂતરો ટોમી, ટાઇગર, વાંદરીને નચાવતો મદારી કુરકુરિયું જેવાં પ્રતીકો સારિકાના જીવનની વેદના અને ઘટનાઓને નિરૂપે છે.

સમગ્ર જીવન પરવશ બનીને પોતાની ઇચ્છાઓને મારી નાખીને જીવતી નાયિકાને વાર્તાને અંતે વૈધવ્ય આવતાં બીજાને ખાતરેય રુદન કરવું પડે છે. આ છે નારીના જીવનની વિડંબના. સરોજ પાઠકે પ્રતીક અને વ્યંજનાશક્તિના સહારે ભાષા પાસેથી સરળતાથી કામ લીધું છે.

જીવનભર દંભી સમાજના પિંજરામાં પુરાઈને તરફડતી નાયિકા બેહોશ અવસ્થામાં એક સ્થૂળ પિંજરામાં પુરાઈ જાય છે. અહીં પિંજરુ સામાજિક બંધનનું પ્રતીક બનીને સામે આવે છે. સારિકાના પાત્ર દ્વારા લેખિકાએ વિદ્રોહને બદલે સમસ્યા સામે શરણાગતિ સ્વીકારતી નાયિકા દર્શાવી છે. સમાજનાં ચોક્કસ માળખાં, રૂઢિઓનાં બંધનમાં ફસાયેલી સ્ત્રીના ક્ષત-વિક્ષત માનસને પૂરી કરવાની ઇચ્છા સાથે જન્મેલ નારી બીજાની ઇચ્છાઓની પરિપૂર્તિ કરવામાં પોતાનું જીવન પૂરું કરે છે. એક નિર્દોષ પંખી જેવી સારિકાની કથા-વ્યથાને વાર્તાકારે પિંજરાના રૂપક દ્વારા રજૂ કરી છે.

**કુન્દનિકા કાપડિયા (11-1-1927)**

**'ખુરશી'**

પ્રસ્તુત વાર્તામાં લેખિકા લગ્નજીવનમાં સતત સહન કર્યા કરતી સીતા અને એનું આ સહન કરવાનું એના પતિ નિરંજનને કોઈ ગણતરીમાં હોતું નથી. એ તો બસ આવું જ હોય અને લેખિકાએ આ વાત 'ખુરશી'ના પ્રતીકથી પણ વાચકને સમજાવવા પ્રયત્ન કર્યો છે.

"ખુરશીને તેણે માત્ર એક વસ્તુ જ ગણી. સ્ત્રી - બેસવું હોય ત્યારે જેના પર બેસી શકાય અને ગુસ્સો આવે તો જેને ફગાવી દઈ શકાય, તેવી એક વસ્તુ જ માત્ર."(6)

ISBN-978-81-973071-2-6
First Edition

સીતા અને નિરંજન – પત્ની અને પતિ. સતત સહન કરતી અને એ સહન કરવાનું સ્વીકારીને જીવતી સીતા અને આ સહન કરવાને ગૌરવ માનતી સીતા. સીતાની આ સહન કરવાની વૃત્તિને સહજ લેતો નિરંજન અને જ્યારે "હવે નથી વેઠાતું, બહુ દિવસ વેઠ્યું. સહનશક્તિની એક હદ હોય છે. અને વળી વેઠવાનો કશો અર્થ હોત તો યે ઠીક હતું. પણ એથી બીજા માણસની જડતા અને નિષ્ઠુરતામાં જ માત્ર વધારો થતો હોય, તો સહન કર્યે જવાનો શો ફાયદો? એમાં કોઈ ભય કે સામાજિક પરંપરાનું કારણ નહોતું. બસ, સહન કરવું તેમાં કશુંક ગૌરવ છે, તેમ લાગ્યા કરતું."[7] અનુભવતી પત્ની સીતા અને એનો સહજભાવે પણ મજબૂત વિરોધ "હવે હું વધારે સહન કરવા માગતી નથી." [18] અને એના સહજ વિરોધમાત્રથી હચમચી ઊઠતો પતિ નિરંજન.

એવું લાગે છે કે લેખિકા સમાજમાં પતિના ઉપેક્ષિત વર્તનની શિકાર અનેક પત્નીઓ અને આ શોષણને સહજ સામાન્ય લેતી અને સહન કરવાની આ વૃત્તિને એક જાતનું ગૌરવ ગણતી સીતા જેવી અનેક પત્નીઓનાં દર્દને વાચા આપવાનો પ્રયત્ન કર્યો છે. એટલું જ નહિં, આ દર્દ, આ શોષણમાંથી સાદો, સીધો અને સરળ ઉપાય 'સીતા' ના માધ્યમથી રજૂ કર્યો છેઃ

"...જ્યારે સીતાએ કહ્યું, 'હવે હું વધારે સહન કરવા માગતી નથી.'

આ વાત તેણે બહુ, સારી રીતે કરી હતી! 'આજે કારેલાંનું શાક બનાવ્યું છે!' – અથવા 'બજારમાંથી આવો ત્યારે આદુમરચાં લેતા આવજો.' જેટલી સહેલાઈથી સ્વાભાવિક સ્વરે તેણે આ વાત કરી હતી."[9]

અને લેખિકા આટલેથી જ અટક્યાં નથી. પણ 'સીતા' જેવી સહનશીલ પત્નીના આ સામાન્ય રીતે વ્યક્ત થયેલા વિરોધથી પતિઓ કેવો પ્રતિસાદ આપશે એ પણ બતાવવાનું એ ચૂક્યાં નથી.

"નિરંજન સ્તબ્ધ બનીને સાંભળી રહ્યો. લડ્યા વગર વિરોધ પ્રગટ કરી શકાય તેવું કદાચ તેણે જાણ્યું જ ન હોતું આશ્ચર્ય પામીને તે બોલ્યોઃ 'શું કહ્યું? શું કહે છે તું?'"[10]

પતિના આવા પ્રત્યાઘાતને શોષિત સ્ત્રીએ કેવી રીતે પહોંચી વળવાનું છે એ પણ 'સીતા'ના માધ્યમથી લેખિકાએ વાચકને પ્રસ્તુત કર્યું છેઃ

"સીતા ફરી એવા જ, કશી ઉત્તેજના વિનાના સ્વરે બોલીઃ 'એમ કે, મેં બહુ વરસો સુધી સહન કર્યું છે, હવે હું વધારે સહન કરવા માગતી નથી.'"

લેખિકાએ જે તે સમયના સાંપ્રત સમાજમાં પ્રવર્તતી પુરુષપતિની માનસિકતા અને પત્ની તરફનું વલણ કેવું હતું તે દર્શાવવા જ લખ્યું છે કે,

"માલિકને જેમ ગુલામની ટેવ પડી જાય, તેમ એને એની ટેવ પડી ગઈ હતી. એના વગર ચાલી નહિ શકે."[11]

આમ, પ્રસ્તુત વાર્તામાં લેખિકાએ સ્ત્રીની સ્વાભાવિક પ્રમાણે જ સહન કર્યે જવાની વૃત્તિ અને પુરુષને મન એની કોઈ કિંમત નથી એ નિરૂપ્યું પણ સાથોસાથ સ્ત્રીને ગુલામ સમજતા પુરુષને એના વગર ચાલે તેમ નથી તેમ જ સ્ત્રીના સહજ અમથા વિરોધથી એ હચમચી ઊઠશે એ પણ નિરૂપ્યું છે. ખુરશી જેવી નિર્જીવ

ISBN-978-81-973071-2-6
First Edition

વસ્તુને પણ એના હોવાપણાથી પ્રકાશિત થવાનું સત્ હોય છે તો સ્ત્રીનો જીવંત છે. એને એના અસ્તિત્વનું સત્ છે અને વિરોધ દર્શાવવાનો હક છે. સમાજજીવનની શોષિત સ્ત્રીઓ માટે આ નિરૂપણ ખરેખર આવકારદાયક છે.

કુંદનિકા કાપડિયાની વાર્તાઓમાં નારીમુક્તિ અને શોષણ સામે વિદ્રોહનો સૂર સાંભળવા મળે છે. પુરુષની જોહકમી અને સત્તા સામે જરૂર પડ્યે માથું ઊંચકતી સ્ત્રીઓ વધારે જોવા મળે છે.

**'ન્યાય'**

વાર્તાનું કથાવસ્તુ એવું છે કે રાધિકા એવા પુરુષને પરણવા માગતી હતી જે એના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરે, બધી બાબતોમાં એનો સમાન અધિકાર સ્વીકારે અને પોતાના સન્માન ગૌરવનો આદર કરે. એણે આ વાત લગ્ન પહેલાં શ્યામને કહેલી અને ત્યારે,

"શ્યામે એના હાથમાં પોતાનો હાથ મૂક્યો. 'હું પણ માનું છું કે સ્ત્રીને પાછળ રાખીને હિંદુ સમાજે ઘણું મોટું પાપ કર્યું છે. જીવનનું સર્જન કરવામાં જીવનને સંવર્ધવામાં, નિભાવવામાં બંનેની સરખી જરૂર પડે છે. પછી એક કરતાં બીજું ઊંચું કે નીચું એવો સવાલ જ રહેતો નથી.'"(12)

શ્યામની આવી વાત સાંભળ્યા બાદ રાધિકાએ આનંદથી લગ્નજીવનમાં પ્રવેશ કર્યો. શરૂ શરૂમાં તો બધું બહુ જ સરસ રહ્યું. પોતે નોકરી કરતી હતી તે પણ શ્યામના કહેવાથી છોડી દીધી અને ઘરગૃહસ્થીને જીવન બનાવી જીવવા લાગી. ધીરે ધીરે શ્યામનું વર્તન બદલાવવા લાગ્યું અને પુરુષસહજ અધિકાર જમાવવા લાગ્યો. એ પોતે ઘરે આવે ત્યારે રાધિકા ઘેર જ હોવી જોઈએ, જમવાનું તૈયાર જ હોવું જોઈએ અને એને મોડું થાય તો એ વાત જુદી છે પરંતુ રાધિકા તરફથી કંઈ અથવા રાધિકાના કોઈ કારણસર આમાં બાંધછોડ એને મંજૂર નથી હોતી. રાધિકા સતત ઘવાતી જાય છે અને એમાંય એક દિવસ પડોશીની હાજરીમાં રાજકારણની ચર્ચામાં રાધિકાનો એના વિચારથી વિરોધનો સૂર એને એટલી હદે અસહ્ય થઈ પડ્યો કે શ્યામે એને પડોશીની હાજરીમાં જ તમાચો મારી દીધો હતો. જેનો આઘાત રાધિકા માટે અસહ્ય થઈ પડ્યો અને એણે શ્યામનું ઘર છોડવાનો નિર્ણય લઈ લીધો. હજુ તો ગડમથલમાં એ તૈયાર થઈને ઊભી જ હતી. ત્યાં શ્યામ ઓફિસથી આવ્યો અને એ જ પ્રકારનું રૂઢ વર્તન કરી પોતાના રૂમમાં ચાલ્યો ગયો. રાધિકાનો ઇરાદો મજબૂત બન્યો અને એણે બહાર નીકળી ટેક્સી પકડી.

આ સમગ્ર વાર્તાકથનમાં રાધિકાએ અનુભવેલો શ્યામનો પ્રેમ પણ લેખિકાએ અભિવ્યક્ત કર્યો છે પણ ડગલે ને પગલે એના કામની શ્યામ દ્વારા થતી અવગણના, શ્યામની પોતાની વાત જુદી છે એવી દલીલ અને અંતે શ્યામના ગુસ્સાનો શિકાર થઈ તેને પડેલા તમાચાથી એ હચમચી ઊઠી અને લેખિકાની 'ખુરશી' વાર્તાની નાયિકાની જેમ એ પણ હવે વધુ નહિ એમ અનુભવી શ્યામને છોડીને નીકળી જાય છે.

સાંપ્રત સમાજમાં કહેવા-માનવા છતાં પુરુષ સ્ત્રીને એના સમાન અધિકારો આપતો નથી અને કોઈ ને કોઈ બહાને સ્ત્રીને એ સહન કરવું પડે છે એ રજૂ કરવાનો લેખિકાનો પ્રયાસ છે અને સ્ત્રીએ આવાં કોઈ

પણ બહાનાઓને પોતાની સ્વતંત્રતા અને સમાનતા ઉપર હાવી થવા દેવાં જોઈએ નહિ એવું લેખિકાનું તારણ છે.

લગ્ન પૂર્વે સ્ત્રી-પુરુષની સમાનતામાં માનતો શ્યામ લગ્ન બાદ ‘તને શું ખબર પડે?’ કહી રાધિકાને ઉતારી પાડે છે. અહીં પતિના અહમ્ સામે રાધિકા વિરોધ દર્શાવીને પતિનું ઘર છોડવા મજબૂર બને છે.

**‘સર્વનાશ’**

કુંદનિકા કાપડિયાની વાર્તાઓમાં નારીમુક્તિ કે નારીવિદ્રોહનો અવાજ સાંભળવા મળે છે. સમસ્યાનું અસરકારક નિરૂપણ, નારીશોષણ, અન્યાયનાં ચિત્રોની પછવાડે પુરુષની સત્તામાંથી બહાર આવવા ઇચ્છતી, પુરુષની જોહુકમીને પડકારતી નારી તેમની વાર્તાઓમાં જોવા મળે છે.

‘સર્વનાશ’, ‘તમારાં ચરણોમાં’ની નાયિકા પતિના માલિકીભાવનો વિરોધ કરી દુનિયા અને ઘર છોડે છે. ‘સર્વનાશ’ની નાયિકા મૃત્યુની ક્ષણે ‘મારા પતિએ મને સળગાવી છે’ એવું કહેતી જાય છે. પળેપળ પતિનો માલિકીભાવ અને પ્રેમના અંચળા હેઠળ સતત પત્ની પરની જોહુકમી અને શોષણ કરતા પતિ સામે નાયિકા મૃત્યુની ક્ષણે વિરોધ નોંધાવતાં કહે છે કે, “હું લખાવું છું તે અક્ષરેઅક્ષર સાચું છે કે મારા પતિએ જાણીબૂઝીને મારી હત્યા કરી છે.”(13)

‘સર્વનાશ’ વાર્તા પતિના મુખે કહેવાઈ છે. વાર્તાના આરંભે વાર્તાનાયકની સ્વગતોક્તિ છે, “સદાચારી લોકોને માથે ભગવાન વિપદ મોકલે છે. કોઈ દિવસ ક્યારેય ખોટું નથી કર્યું. હંમેશ નીતિનિયમમાં રહ્યો છું.”(14) નાયકની સ્વગતોક્તિમાંથી પોતે નિર્દોષ છે, એક પ્રેમાળ પતિ છે એવું સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. લગ્ન માટે છોકરી પસંદ કરવાની બાબતે વાર્તાનાયક કહે છે કે - “મને બહુ ચબરાક, બુદ્ધિશાળી, પૈસાદાર કે રૂપાળી છોકરી નથી જોઈતી. તે વિવેકી, શાંત, ઠરેલ અને મોટાની આમન્યા રાખનારી હોવી જોઈએ.”(15)

અહીં વાર્તાનાયક પોતાની પત્નીમાં સર્વગુણ સંપન્નતા ઇચ્છે છે. પોતે જે કહે તેમ પત્ની કરવી જોઈએ. તેને કહ્યાગરી અને કાચી માટીના પિંડ જેવી પત્ની જોઈએ છે, જેને તે પોતાની અપેક્ષાઓ મુજબ ઘડી શકે. અહીં વાર્તાનાયક પોતાના જીવનને સુખી અને સલામત બનાવવા માટે પત્નીને નાની-નાની બાબતોમાં સલાહ-સૂચનો આપ્યા કરે છે. પત્નીએ કોની સાથે બોલવું અને કોની સાથે ન બોલવું, પોતે લાવી આપે તે જ પહેરવું એવો માલિકીભાવ પત્ની પર હાવી થતો જાય છે.

પત્ની પર શંકા કરવી, તેની ગેરહાજરીમાં પેટી ફેંદવી, પત્નીની નબળાઈઓ શોધી તેને સર્વાંગસુંદર, નિષ્કલંક પાવનમૂર્તિ બનાવવા પાછળ વાર્તાનાયક મહેનત કરે છે. પડોશીઓ સાથે પત્નીને વાત કરતી રોકવા વાર્તાનાયક કહે છે કે, “મધુરી, પડોશીઓ સાથે બહુ ગપ્પાં મારવાં નહિ. રેડિયો પણ આખો વખત સાંભળવાથી શો લાભ?”(16) “હવેથી નિમિષા સાથે તારે મિત્રતા નહિ રાખવાની. જેના નિમિત્તે તારે અસત્ય આચરવું પડે.”(17)

ISBN-978-81-973071-2-6
First Edition

વાર્તાના વિષયવસ્તુની રજૂઆત વાર્તાનાયકના મુખે કરી છે. વાર્તાનાયકનો પ્રેમ ધીમે ધીમે માલિકીભાવ ધારણ કરતો જાય છે. પતિનો આવો આધિપત્ય ધરાવતો પ્રેમ મધુરી માટે અસહ્ય બને છે. તે ગૂંગળામણ અનુભવે છે. વાર્તાના અંતે નાયિકા આગથી દાઝે છે, તેને બચાવવા જતાં નાયક પણ દાઝે છે. નાયક ભગવાનને પ્રાર્થન કરતાં કહે છે કે, "એને બચાવી લો. એ ગમે તેવી કુરૂપ, કૂબડી થઈ જશે તોયે હું એને સ્વીકારી લઈશ."(18) અહીં નાયકનો નાયિકા માટેનો પ્રેમ નહીં પરંતુ તેનું સ્વામીત્વ બોલે છે. લાંબા સમય સુધી જે પત્નીને ટોકી-ટપારીને પોતાને લાયક મૂગી મૂર્તિ બનાવેલી તે હાથમાંથી જવા દેવા ઇચ્છા નથી. અહીં એક પુરુષનો સ્ત્રી માટેનો પ્રેમ નહીં પરંતુ તેનો સ્વાર્થ જોવા મળે છે.

અંતમાં મધુરી પોલીસને આપેલા નિવેદનમાં પોતાના પતિને દોષિત ઠેરવે છે. મધુરીનું સળગવું એ એક ક્ષણનું નહોતું પરંતુ આખી જિંદગી પળેપળનું હતું. નાયિકા એક પણ શબ્દ બોલ્યા વગર વિરોધ કર્યા વગર પતિની દરેક વાતમાં મૂક સંમતિ આપતી જાય છે. ધીરે ધીરે પત્નીની સહનશીલતાનો તેના પતિ દ્વારા એટલી હદે ગેરલાભ લેવાય છે કે તે માનસિક શોષણની કક્ષાએ પહોંચી જાય છે.

પોતાના મૃત્યુ બાદ પણ પતિએ કરેલા માનસિક ત્રાસનો બદલો નાયિકા પતિને જેલમાં પુરાવીને લે છે. અહીં વાર્તાલેખિકાએ નારીવિદ્રોહના સૂરને પ્રગટ કર્યો છે.

**'તમારાં ચરણોમાં'**

પ્રસ્તુત વાર્તામાં નાયિકાના મનોભાવને પ્રગટ કરવાની સાથે સાથે લગ્નના બંધનમાં બંધાયેલી નારીના થતા શોષણની વાત રજૂ કરી છે. વાર્તાનાયિકા લગ્નબંધનમાં બંધાતી વેળા મનોમન કહે છે કે, "તમારો સાથ ક્યારેય નહિ છોડું... તમારા સાન્નિધ્યની પ્રથમ મૃદુ રાત્રિએ તમારે ચરણે મારા હૃદયનાં ફૂલ મેં ધરી દીધાં હતાં."(19)

લગ્નબંધનમાં બંધાતી વેળા નાયિકા પોતાનું સર્વસ્વ પતિનાં ચરણોમાં અર્પણ કરવાની ભાવના સાથે જોડાય છે. પરંતુ ઉષાના રંગીન સ્મિત જેવા દિવસોને અંતે ચિતાના ભડકા જેવી સંધ્યા, રાખના ઢગલા જેવી રાત જીવનમાં ગોઠવાઈ ગયાની વેદના નાયિકા અનુભવે છે. સ્ત્રી પતિને ચાહે એ એકમાત્ર આદર્શ છે. પુરુષપક્ષે વફાદારી કે પ્રેમ એક પ્રકારનું બંધન અને માલિકીભાવ ધારણ કરતો જાય છે. નાયિકા માટે પતિનો પ્રેમ ધીરે ધીરે બંધનરૂપ બનતો જાય છે.

પતિને ગમે તે રીતે જ જીવવું, તેમની પસંદનાં જ કપડાં પહેરવાં તથા પતિનો પોતાની ઇચ્છા પ્રમાણે નાયિકાને ઘડવાનો આગ્રહ રખાતો. આમ તેમના પિંજરામાં વાર્તાનાયિકા પુરાતી જ જાય છે. નાયિકાની નાની બહેન નીલાને પણ પોતાની મરજી મુજબના યુવક સાથે પરણાવી દે છે. નીલાના આપઘાતના સમાચાર નાયિકાને વ્યથિત કરી મૂકે છે. નાયિકાના હૃદયનો લાગણીનો બંધ તૂટે છે. પત્ર દ્વારા પોતાનો નિર્ણય કહે છે કે પોતાના જીવનને પતિની ઇચ્છાઓ હેઠળ મૃત્યુ પામવા દેવા તે તૈયાર નથી. પતિના પ્રેમની માયાજાળમાંથી બહાર નીકળવાની હિંમત કરતાં કહે છે કે, "હવે હું તમારી સાથે એક મકાનમાં રહી શકીશ નહિ. એટલે હું જાઉં છું..."(20)

અહીં નાયિકા પતિના પ્રેમના અચંબા હેઠળ તેના માલિકીપણાના ભાવને કારણે ગૂંગળામણ અનુભવે છે. અંતે આ બધું જ તરછોડીને ઘર છોડે છે. જ્યાં જીવન નિર્બંધ ઝરણા જેવું હોય એવા મુક્ત વાતાવરણમાં જીવવા ઇચ્છે છે.

'સાત પગલાં આકાશમાં'નાં લેખિકા કુંદનિકા કાપડિયાની વાર્તાઓમાં સ્ત્રીસમસ્યા, શોષણનું નિરૂપણ જોવા મળે છે. સદીઓથી પુરુષપ્રધાન સમાજમાં ભીંસાતી, પીડાતી નારી પુરુષસત્તા સામે માથું ઊંચકતી દર્શાવી છે. શોષણનો વિરોધ કરતી નારી ઘર છોડવાની હિંમત કરે છે. લેખિકાની વાર્તાઓમાં નારીવિદ્રોહનો સૂર પ્રકટપણે સાંભળવા મળે છે. 'તમારાં ચરણોમાં'ની નાયિકા પતિની સત્તા અને માનસિક શોષણ સામે ગૃહત્યાગ કરતી દર્શાવી છે.

**'તો?'**

પ્રસ્તુત વાર્તા 'તો?' શીર્ષકમાં મૂકેલા પ્રશ્નાર્થચિહ્ન વાર્તાનાયિકાના ભવિષ્ય સામે પ્રશ્ન ઊભો કરે છે. યુદ્ધના દિવસોમાં પોતાનું ઘર-પતિ અને બે દીકરા બધું ગુમાવી ચૂકેલી નાયિકા સુજાતા બળાત્કારનો ભોગ બને છે. નિરાશ્રિતોની છાવણીમાં રહેતી સુજાતા પોતાની ઓળખ ગુમાવી ચૂકી છે. "એક ઝૂંપડીના બારણા પાસે સુજાતા બેઠી હતી. ફિક્કું મોં, ઉદાસ આંખો, ઓળ્યા વગરના લુખ્ખા વાળ, ઊપસી આવેલા પેટ પર તેણે મેલી પડી ગયેલી સફેદ સાડી ઢાંકી હતી અને તેની આંખો ક્યાં મંડાઈ હતી તેની તેને પણ ખબર નહોતી."(21)

રેફ્યુજી છાવણીમાં લાંબા લાંબા દિવસો દરમ્યાન સુજાતાને હજારો વાર પોતે કોણ હતી? પોતાનું ઘર ક્યાં? પોતાનાં સ્વજનો ક્યાં? એવા પ્રશ્નો મૂંઝવી રહ્યા છે. પોતાના અતીતનું સ્મરણ થતાં જ તેના બધાં અભિમાનો વર્તમાન પરિસ્થિતિમાં ધૂળધાણી થઈ ગયાં છે. છાવણીમાં એક મુસ્લિમ પતિનો તેની પત્ની સાથેનો ગુલામ જેવો વ્યવહાર જોઈને સુજાતાને તેના પતિની જોહુકમી અને માનસિક ત્રાસ યાદ આવે છે. બહારની દુનિયા સામે એક હોવાનો દેખાવ કરતાં સુજાતા અને સુધીર વચ્ચે જોજનોનું અંતર હતું.

સુજાતા ભૂતકાળને વાગોળતાં સુધીરનો સ્નેહ, સુખી કુટુંબને યાદ કરે છે. પરંતુ ક્યાંક કશુંક ખૂટતું હતું. સુજાતાના બૌદ્ધિક વ્યક્તિત્વનો સુધીરે કદી પણ સ્વીકાર કર્યો નહોતો. સુધીર જોહુકમી ચલાવતો, પોતાનું ધાર્યું ન થાય ત્યારે ચિડાઈ જતો. તે સુજાતાને "એક હાથે આપતો અને બીજા હાથે લઈ લેતો. સુખ આપતો ને સાથે ક્યાંક ડંખ દઈ દેતો."(22) બે દીકરા ઉપર દીકરી લાવવાની સુજાતાની ઇચ્છાનું એને મન કંઈ જ મૂલ્ય નહોતું. સુધીરનું સૂત્ર હતું, "મારી વાત સ્વીકારી લો અને સુખથી જીવો."(23) સુજાતા માટે પતિનો પ્રેમ કેવળ માલિકી, અધિકાર અને આત્મતૃપ્તિનું માધ્યમ હતો.

પોતાનો પરિવાર ખોઈ ચૂકેલી સુજાતા બળાત્કારનો ભોગ બનતાં તેની કૂખે અવતરનાર બાળક પુત્રી હશે તો? એવી એક આશાના તાંતણે જીવવા પ્રેરાય છે. પોતાની વ્યથા પોતે એકલીએ જ સહેવાની છે. છાવણીમાં અન્ય એક સ્ત્રી બળાત્કારનો ભોગ બની હોવાથી તેનો પતિ તેને તરછોડે છે. આ વાત જાણતાં

જ સુજાતાને વિચાર આવે છે કે જો "સુધીર... સુધીર... હોત તો તેણે પોતાને સ્વીકારી હોત કે તરછોડી હોત?"(24) પોતાનું ધાર્યું કરનાર સુધીરે સુજાતાને આવા સંજોગોમાં કદી સ્વીકારી જ ન હોત એ સ્પષ્ટ છે.

જેમાં સ્ત્રીનો કોઈ દોષ નથી, ઇચ્છા વિરુદ્ધ એ પુરુષના પાશવી અત્યાચારનો ભોગ બને છે ત્યારે સમાજ તેને હડધૂત કેમ કરે છે? વાર્તાના અંતે જે સમાજ પોતાને અને પોતાના જેવી સ્ત્રીઓને ભ્રષ્ટ માનશે તેવા સમાજ સામે સુજાતા લડવા માટે મક્કમ બને છે. નિરાધાર થયેલી સુજાતાને જીવવા માટેનો એક ઉદ્દેશ મળે છે.

અહીં લેખિકાએ પતિની જોહુકમીમાં જીવતી નારી જે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખોઈ બેસે છે તેને વર્ષો પછી પોતે અને પોતાના જેવી સ્ત્રીઓને સમાજમાં ચોક્કસ ઓળખ આપવાનો પ્રયાસ સુજાતાના પાત્ર દ્વારા તેના સંજોગોના આલેખન દ્વારા નિરૂપવાનો પ્રયાસ કર્યો છે. સ્ત્રી અબળા નહીં પણ સબળા છે તેવું નિરૂપણ કર્યું છે.

**ધીરુબહેન પટેલ (29-05-1926)**

**'દીકરીનું ધન'**

ધીરુબહેન પટેલ નારી મનના અંધારા ખૂણામાં અટવાતી ગોપિત ઇચ્છાઓને સ્પર્શતી વાર્તાઓ આપે છે. નારીનાં બે સ્વરૂપ મા, પત્નીને આલેખે છે.

ધીરુબહેન પટેલની 'દીકરીનું ધન' વાર્તામાં સ્ત્રીશોષણનું જે નિરૂપણ થયું છે તે સમાજનાં લગભગ ઘણાં બધાં ઘરોમાં જોવા મળે. વર્તમાન સમયમાં દીકરીઓની ઉચ્ચ કેળવણીને પરિણામે કમાતી દીકરીની કમાણી ઘર માટે જરૂરી બની જાય છે. નોકરી કરતી દીકરીનું એ હદે શોષણ થાય છે કે માતા-પિતા પણ દીકરીની પરણવાલાયક ઉંમર સામે આંખ બંધ કરી લે છે. સામાજિક માળખામાં ગૂંચવાતી, મૂંઝાતી, ત્રાસી જતી અને ક્યારેક સમસ્યાનો સ્વીકાર કરતી નારી આલેખાઈ છે.

'દીકરીનું ધન' વાર્તાના આરંભે જ લેખિકાએ નોકરી કરી માતા-પિતા અને ભાઈનું ભરણપોષણ કરતી શકુંતલાના બાહ્ય દેખાવનું વર્ણન કરતાં કહ્યું છે કે "શકુંતલા પાસે ત્રણ છાપેલાં છાયલ ને બે રંગીન પોત હતાં. લોકલ ટ્રેનની જેવી નીરસ નિયમિતતાથી ઓફિસમાં તે વારાફરતી એ જ કપડાં પહેર્યા કરતી."(25)

શકુંતલાને નવાં કપડાં અને નવા રંગો ગમતાં પરંતુ એવો ખર્ચ તેને પોસાય તેમ નહોતો. ઓફિસમાં બપોરની ચા પીવાનું પણ તેને પોસાય તેમ નથી. પોતે કમાતી હોવા છતાં તેની માતા તેને પગારમાંથી માત્ર ચાર રૂપિયા વાપરવા આપતી. લેખિકા કહે છે કે, "શકુંતલા કંઈ સ્વભાવથી નીરસ નહોતી. તેને હરવા-ફરવાના, સંસારનો લહાવો લેવાના ઘણા કોડ થતા. પણ થાય શું? તે કુંવારી હતી."(26)

"સત્તર, અઢાર, ઓગણીસ, એક પછી એક વરસગાંઠો આવતી ગઈ અને એક સવારે શકુંતલાએ જોયું કે તે ઘરડી થઈ ગઈ હતી!" (27)

શકુંતલા હૃદયના થડકાટ સાથે આ બધું જોયા કરે છે. ઘર અને ઓફિસનાં કામોના ઢસરડામાં તેની યુવાની ચાલી ગઈ. ચહેરેમહોરે તે એકદમ સાધારણ અને અનાકર્ષક દેખાવા લાગી. લેખિકા કહે છે કે કુલીન ઘરની કન્યા હોવાથી શકુંતલા પોતાનાં મા-બાપને કઈ રીતે કહે કે મારે પરણવું છે.

શકુંતલાનાં માતા-પિતા આંખ-કાન બંધ કરીને બેઠાં છે. પિતા એવું માનીને બેઠા છે કે મારી મર્યાદાશીલ છોકરી 'મારે લગ્ન કરવાં છે' એવું મને કોઈ દિવસ કહેવાની નથી. માની ઊંઘ કોઈ દિવસ ઊડે તેમ નહોતી. પોતે જીવનભર વેંઢારેલા ઘરના બોજની વાત કરી દીકરી આગળ કહેવાતી વાતોમાંથી માના દંભનો રણકો સંભળાય છે. મા-બાપ શકુંતલાની વધતી ઉંમર સામે આંખ બંધ કરીને બેઠાં છે. વાર્તામાં શકુંતલાનો ભાઈ ભણી રહે ત્યાં સુધી તેના માટે નોકરી કરવી અનિવાર્ય બની જાય છે. શકુંતલાની લોકલ ટ્રેન જેવી નીરસ ચાલતી જિંદગીમાં તેની પોતાની કમાણી, પોતાની ઇચ્છાઓ કશા પર તેનો અધિકાર નથી. સતત ઘરની બહાર રહેતી શકુંતલાને ઘરમાં રહેવાના કોડ છે. "સાંજે રસોઈ કરવાની મળે તો કેવું સારું? પાટલા ઉપર બેસી રહેવું, ચારે પાસથી રંધાતી વાનીઓની સોડમ લેવી... એ કેટલું બધું સુખદાયક હતું."[28]

નોકરી અને ત્યાર બાદ શોર્ટહેન્ડ ટાઇપિંગના ક્લાસમાં જવું પડતું. વાળુ-પાણીથી પરવારેલી મા થાકીને આવેલી શકુને જમવાનું પૂછવાને બદલે તેને ઘરનું કામ સોંપી દેતાં અચકાતી નથી. શકુંતલા કરેલી રસોઈ થાળીમાં જોઈને જમતાં પહેલા જ ધરાઈ જતી. નોકરી કરતી, મહેનત કરતી, ઘરમાં પગાર લાવતી દીકરીનાં વખાણ કરવાને બદલે તેની મા શકુંતલાના અવગુણો ગાતી. "આવડી મોટી દીકરીને ન સરખો ગરબો લેતાં આવડે, ન ભરતાં, ગૂંથતાં કે ગાતાંબજાવતાં આવડે. એ તે કંઈ રીત છે?"[29]

શકુંતલામાં માને સામો જવાબ આપવા જેટલી નીડરતા નહોતી. ભાઈ ચીડવતો તેની સામે રોષ કરવાનું પાણી પણ તેનામાં રહ્યું નથી. એકધારી, નિરસ જિંદગી જીવતી શકુંતલાના ભવિષ્ય માટેની ચિંતા કોઈ કરતું નથી. મા-બાપ અને ભાઈ પોતાના સ્વાર્થની પૂર્તિ કરવામાં રચ્યાંપચ્યાં રહે છે.

વાર્તાના અંતે પડોશમાં રહેતાં વસુમતીબહેન શકુંતલા માટે સારા ઘરના માગાની વાત લઈને આવે છે. વસુમતીબહેન તેમના ઘરે આવેલા પત્રના સંદર્ભમાં શકુંતલાની મા પાસે શકુના લગ્નનો પ્રસ્તાવ રજૂ કરીને કહે છે કે, "તો સાંજે ગુલાબદાસભાઈ આવે ત્યારે પૂછીને કહેશો?"[30] તેના જવાબમાં શકુંતલાની મા ભારે મોઢું કરી બોલી, "ના રે ના, એમાં શું પૂછવાનું છે? તમતમારે ના લખી દેજો, વસુબહેન. એ તો કહે છે કે દીકરીનો પૈસો મારે મન ગાયની માટી બરોબર છે. કાલ સવારે જયંત દાક્તર થઈ જાય ને ઘરનો ભાર લઈ લે એટલે સરખું ઠેકાણું જોઈને કરી નાખીશું. બાકી એનો પૈસો અમારે ન ખપે, બહેન."[31]

અહીં શકુંતલાની માતાના અવાજમાં દીકરી માટેની લાગણી કે પોતાની ભોંઠપ કે લાચારીની છાંટ સરખી પણ વરતાતી નથી. અહીં લેખિકાએ એક પુત્રીનાં અરમાનો ઇચ્છાઓનું ગળું દબાવી દેતી એક માતાના દ્વારા દીકરીના થતા શોષણની વાત અસરકારક રીતે નિરૂપી છે. પગાર લાવતી દીકરી, પોતાના પિયરઘરનો આધાર બનતી દીકરીની આવકમાં ખુશ રહેતાં માતા-પિતા સામે લેખિકાએ લાલબત્તી ધરી છે.

પ્રસ્તુત વાર્તામાં દીકરીનું ધન ખાતા અને દીકરીને સાસરે વળાવી તેના અરમાનોને પૂરા કરવાની વાતને વીસરી જતાં માતા-પિતાને અહીં લેખિકાએ શબ્દોના ઘા માર્યા છે.

અહીં એક સ્ત્રી જ સ્ત્રીની શોષક છે તેવું દર્શાવ્યું છે. વળી, એક દીકરીનું પોતાની માતાના હાથે જ શોષણ થઈ રહ્યું છે આ કેવી કરુણતા કહેવાય! ધીરુબહેન પટેલની વાર્તા 'દીકરીનું ધન'ની નાયિકા શકુંતલા પોતાની આસપાસ ગોઠવાયેલા માળખામાં ગૂંચવાતી, મૂંઝાતી દર્શાવી છે. પરંતુ પરિસ્થિતિ કે પરિવાર સામે વિદ્રોહ કરી શકતી નથી. અહીં નાયિકાને પરિસ્થિતિનો સ્વીકાર કરતી આલેખી છે.

**'વિશ્રંભકથા'**

સ્ત્રીના સંકુલ મનોજગતને તાગતી વાર્તા 'વિશ્રંભકથા'માં હંમેશા પરિવારમાં પતિ અને પુત્રથી દબાયેલી રહેતી માતા મંગળાને પોતાની બાળપણની સખી સાથે અલ્લડ કિશોરીની જેમ વાતો કરતી જોઈને તેનો દીકરો આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

વાર્તાના આરંભે મંગળા અને જનકરાયનો દીકરો વિશ્વાસ કમને મા-બાપને જાત્રા કરાવવા નીકળ્યો છે. જાત્રાના સ્થળે પડતી મુશ્કેલીઓ સામે તેનો અણગમો સ્પષ્ટ તરી આવે છે. વિશ્વાસ જાત્રાના સ્થળે પણ માતા ગરમ રસોઈ બનાવીને જમાડે એવી અપેક્ષા રાખે છે. મણિકર્ણિકાના ઘાટ પર વિશ્વાસની માતા મંગળા ખોવાઈ જાય છે. વિશ્વાસ હાંફળો-ફાંફળો થઈને મંગળાને શોધવા લાગે છે.

અહીં મંગળાના સ્વભાવની રેખાઓ સ્પષ્ટ કરતાં વાર્તાકાર જણાવે છે કે, "મંગળાનો તો ઊંચો સૂર જ કોઈએ સાંભળ્યો નહોતો. હંમેશ તે ઘરમાં કામ કર્યા કરતી, બધાને મરજી મુજબ રસોઈ બનાવી આપતી, કોઈનું કંઈ ખોવાય તો શોધી દેતી, જે કોઈ વઢવા બેસે તેનું સાંભળી લેતી. હંમેશા તે બધાથી દબાતી આવી છે. પહેલાં સાસુ-સસરાથી, પછી પતિથી અને હવે વહુ-દીકરાથી"[32]

અહીં વાર્તાકારે મંગળાના થતા માનસિક શોષણનું ચિત્ર રજૂ કર્યું છે. મંગળા કોઈ દિવસ પોતાની મરજી પ્રમાણે જીવી હોય એવું એના દીકરાને યાદ નથી. વિશ્વાસ મોટો થયા પછી વિચારતો કે માને વ્યક્તિત્વ જેવી કોઈ ચીજ જ નથી. તે નાનપણથી પોતાની માને દબડાવતો તેમાં તેને કોઈ દિવસ કંઈ અજુગતું લાગ્યું નથી. એક માતા જે પોતાના પરિવાર અને સંતાનો માટે કેટલી બધી તકલીફો ઉઠાવે છે તેની સાથે પરિવાર કેવો અમાનવીય વ્યવહાર કરે છે તેનો પરિચય વાર્તાકારે કરાવ્યો છે.

થોડે દૂર પોતાની માતા મંગળાને એક સ્ત્રી સાથે અલ્લડ કિશોરીની જેમ વાત કરતી જોઈને વિશ્વાસને માન્યામાં આવતું નથી કે આ એ જ પોતાની માતા મંગળા છે? બંને આધેડ સ્ત્રીઓના ચહેરા પર રમતા આનંદના ભાવોને વિશ્વાસ સ્તબ્ધ બનીને જોયા કરે છે.

વાતવાતમાં મંગળાને તેની સખી શાંતિ પૂછી બેસે છે કે, "તારા પુત્રનું મુખ વિનાયક જેવું તો સહેજે નથી!"[33] આ સાંભળી વિશ્વાસ આઘાત પામે છે. મંગળા થડકતા હૈયે જવાબ આપે છે કે, "પણ શાંતિ, પછી મારો વિવાહ જ બીજી જગ્યાએ થયો હતો ને!"[34]

વાર્તાના અંતે આજદિન સુધી મોકળાશથી ન બોલેલી કે પોતાની ઇચ્છાને દબાવીને જીવનાર મંગળાના જીવનનું રહસ્ય તેની પાછલી જિંદગીમાં પડેલું હતું. પોતે જેને પ્રેમ કરતી હતી તેને ન પરણી શકેલી મંગળાએ જિંદગી સાથે ઘણું મોટું સમાધાન કર્યું હતું. અહીં નારીના માનસિક શોષણને નિરૂપીને વાર્તાકારે સામાજિક માળખામાં ગૂંચવાતી, શોષાતી સ્ત્રીની મનોદશાને ઉજાગર કરી છે.

**'મયંકની મા'**

ધીરુબેન પટેલની અન્ય એક વાર્તા 'મયંકની મા'માં પોતાના બાળકના ઉછેર પાછળ પોતાનું સર્વસ્વ ત્યજી દેનાર માતાના આંતરવિશ્વમાં ડોકિયું કરાવ્યું છે. મયંકના જન્મ પછી સુરેખાનાં રાતદિવસ તેના ઉછેર પાછળ પસાર થવા લાગે છે. વાર્તાકાર કહે છે કે, "સુરેખા હવે ગૃહિણી નહોતી, પત્ની નહોતી, માત્ર મા હતી - મયંકની મા."[(35)]

મયંકના ઉછેર પાછળ વ્યસ્ત રહેતી સુરેખા ભવિષ્યની ઘટનાઓને જોતાં વિચારે છે કે, પળેપળ માનો પાલવ પકડીને ફરતો, મોટો થતો જતો મયંક જ્યારે પોતાની આગવી દુનિયા વસાવશે ત્યારે પોતાનું સ્થાન ક્યાં હશે? વર્તુળના કેન્દ્રમાં રહેનારી મા પરિઘમાં આવી જશે આવો છૂપો ભય સુરેખાને સતાવે છે. છતાં માતા પોતાના બાળક માટેનો મોહ અને ચિંતા કરવાનું ટાળી શકતી નથી.

પ્રસ્તુત વાર્તામાં દેખીતું શોષણ ન બતાવતાં વાર્તાકારે એક સ્ત્રીનું વિશ્વ હંમેશા પુરુષની આસપાસ સમાયેલું હોય છે, ચાહે એ પતિ હોય કે પુત્ર એવું દર્શાવ્યું છે. સામાજિક રૂઢિ, રીતિ, બંધનો અને જવાબદારી સ્ત્રીના સ્વભાવગત માળખામાં એવી રીતે જાડાઈ હોય છે કે તે સ્વયં તેમાંથી મુક્ત થઈ શકતી નથી, અથવા તો મુક્ત થવા ઇચ્છતી નથી. આમ જવાબદારી અને મુક્તિ બંને વચ્ચે સ્ત્રીને ઝોલાં ખાતી દર્શાવી છે.

**વર્ષા અડાલજા (10-04-1949)**

**'શીરો'**

વર્ષા અડાલજાની વાર્તાઓમાં પોતાનું જીવન જીવવાનું ભૂલી ગયેલી પુરુષ વર્ગથી દબાયેલી, કચડાયેલી છતાં સમાધાનકારી વલણ અપનાવતી સ્ત્રી આલેખાઈ છે. પરંતુ 'શીરો' વાર્તામાં પિયરમાં દુઃખ અને તિરસ્કાર સહન કરીને પરણેલી નાયિકા કુસુમ સાસરીમાં પિશાચ જેવા પતિના હાથે પિંખાઈ રહી છે. પરંતુ પતિનો ત્રાસ સહન ન થતાં તે પતિને મારી નાંખે છે. અહીં વાર્તાકારની વાર્તાનાયિકા પોતાના સપનાને રોળી નાંખનાર પિતા અને પતિને માફ કરી શકતી નથી. બીમાર પિતાને જોવા જવાનું પણ એ ટાળે છે. કેમ કે તેની જિંદગીને રોળી નાંખવામાં તેના પિતાનો પણ મોટો ફાળો છે.

પ્રસ્તુત વાર્તાનું વિષયવસ્તુ જોઈએ તો હરિદાસના ઘરમાં ચોથી દીકરી તરીકે કુસુમનો જન્મ. કુસુમના જન્મતાંવેંત જ સંસારનો ભાર વેંઢારીને થાકી ગયેલી માતાનું મૃત્યુ થાય છે. પિતા નવી મા લાવે છે. જે ચારેય બહેનોને ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકે છે. કુસુમની મોટીબેન ત્રણે બહેનોની માતાની જેમ કાળજી લે છે.

વાર્તાકાર કુસુમના જીવનનો પરિચય આપતાં નોંધે છે કે, "મોટી જ્યાં જ્યાં કામે જાય ત્યાં સાવરણીની સળી જેવી કુસુમ પાછળ ઘસડાતી. કુસુમને કાયમ સપનામાં તાંસળું ભરીને શીરો જ દેખાતો... પણ સવારે ઊઠે કે ભાણામાં રાતનો બળ્યોઝળ્યો રોટલો જ શિરામણમાં ભાળતી."(36)

કુસુમ અભાવ વચ્ચે મોટી થતી જાય છે. જુવાનિયાઓ ચંપાના છોડ જેવી સવળોટ અને ખીલેલી કુસુમને જોઈ પીગળી જતા ત્યારે તેમના ઘરના કહેતાં "જનમબળી છે! ને એમાં થોકે થોકે રૂપ! ના રે બાઈ, ઘરમાં સાપ પાલવે? પાછલો દલ્લો લાવતી હોત તો ધૂળ નાંખી!"(37) જન્મતાંવેંત માતા અને પિતાની છત્રછાયા વિના ઊછરેલી નારીનું જીવન કેવું વેદનામય બની જાય અને એમાં પણ ગરીબીનો ભોરીંગ તેમને પળે પળે કેવો ગ્રસે જાય તેનું વાસ્તવિક ચિત્રણ વાર્તાકારે આલેખ્યું છે.

પરણીને પતિના ઘેર રહેતી કુસુમને હાશ! પોતાના ઘરે આવી.(38) એવું આશ્વાસન પણ ઠગારું નીવડે છે. તૂટીફૂટી ઘરવખરીમાં અને ગંધાતા ગાદલાં અને ગોબાવાળા વાસણ સાથે કુસુમે સંસાર માંડ્યો. મિલમાં કામ કરતો પતિ બીડી ફૂંક્યા કરતો અને વિષયવાસનામાં રત રહેતો. તે કુસુમના શરીરને ચૂંથતો જાણે ચાંચ મારી શરીરમાંથી માંસનો લોચો ખેંચી કાઢતો. પિયરમાં વેઠેલાં દુઃખ કરતાં સાસરીનું દુઃખ કુસુમ માટે અસહ્ય બનતું જાય છે. કુસુમને મન એમ હતું કે, "કોક દિવસ પોતાનું ઘર થાશે, પછી પોતે રાણી"(39) પરંતુ કુસુમનાં સપનાં રોળાઈ જાય છે.

એકવાર બે દિવસ સુધી તેનો પતિ ઘરમાં ડોકાયો જ નહીં! કુસુમ રાજી થાય છે. ગંદકી ધોતી હોય એમ સુગંધી સાબુ ઘસીને તે નહાય છે અને પોતાની વર્ષોની શીરો ખાવાની ઇચ્છાને પૂરી કરવા શીરો શેકવા બેસે છે. ઘીથી લથબથ શીરો થાળીમાં ઠાલવીને કોળિયો મોંમાં મૂકવા જતાં તેનો પતિ આવતાંની સાથે કુસુમ પર લાતો અને ગાળોનો વરસાદ વરસાવતાં કહે છે કે, "કભારજા! મને મૂકીને ખાવા બેઠી હેં! તો તો મને મૂકીને શું શું કરતી હોઈશ? કોની સાથે? બોલ છિનાળ... બોલ."(40) આવા અપશબ્દો અને માર સહેતી કુસુમ ઘીથી ચીકણી થયેલી લાદીને આંસુથી ધોવે છે. એનું મન આ પરિસ્થિતિમાંથી છૂટવા, નાસી જવા ઇચ્છે છે પણ ક્યાં? એનો જવાબે કુસુમ પાસે નથી.

કાળની ચક્કીમાં પિસાતી કુસુમનું જીવતર રોળાઈ જાય છે. પતિનો પડછાયો તેને ગળે ઘંટીના પડ બાંધ્યા હોય તેવો ગૂંગળામણનો અનુભવ કરાવે છે. 'થાંથી', 'ડોબું', 'ગાલાવેલી', 'કુંભારજા' જેવા અપશબ્દોએ કુસુમની સહનશક્તિ ખુટાડી દીધી છે. એક દિવસ જીવનભરનો રોષ પતિ ઉપર ઠાલવતી કુસુમ દુર્ગાસ્વરૂપ ધારણ કરે છે. પતિને સામો પ્રશ્ન કરતાં કહે છે કે, "હું ડોબું? અને તું રાજકુંવર! મારા રોયા!"(41) જોર કરીને કુસુમે બાજુમાં પડેલો ચટણીનો પથ્થર લઈ ધણીના માથા પર ઝીંક્યો. વાર્તાકાર કહે છે કે "કોણ જાણે કેટલી સદીનું જોર મુડદાલ બાવડાંમાં પુરાયું"(42) તેનો પતિ લોહિયાળ લોચો થઈ કુસુમના પગ પાસે પોટલાની જેમ પડ્યો. વાર્તાના અંતે વાર્તાકાર કહે છે કે, "હવે એ કોઈ દિવસ ન ગાળ બોલશે ન એના શરીરને અડશે'(43) કુસુમ અભરાઈ પરથી છાલિયું ઉતારી સ્ટવ પર મૂકી નિરાંતે શીરો શેકવા બેઠી.

પ્રસ્તુત વાર્તામાં વર્ષા અડાલજાએ ‘શીરો’ શબ્દના પ્રતીક વડે કુસુમના મનના અતલ ઊંડાણમાં પડેલી તેની ઇચ્છાઓની પૂર્તિ માટેની તાલાવેલી દર્શાવી છે. અભાવ અને દુઃખ વચ્ચે મોટી થયેલી વાર્તાનાયિકા કુસુમ પોતાના સપનાની દુનિયાને વાસ્તવમાં પલટાવવા ઇચ્છે છે પરંતુ તેના સંજોગો, ગરીબી અને પતિનું પાશવીપણું તેના માર્ગમાં દીવાલ થઈને ઊભા રહે છે. સહનશીલ નારીની સહનશક્તિની મર્યાદા આવી જતાં તે પોતાનું શસ્ત્ર ઉગામી શકે છે તેવી એંધાણી વાર્તાકારે કુસુમના પાત્ર દ્વારા રજૂ કરી છે પતિને મારી નાંખીને ‘કાયમ તાંસળું ભરીને જોયેલા જોયેલા શીરા’નું સપનું સાકાર કરતી કુસુમ જાણે કે પોતાના સુખને કાયમ માટે નોતરતી હોય તેમ નિરાંતે શીરો શેકવા બેઠેલી બતાવી છે.

પ્રસ્તુત વાર્તામાં નારીશોષણની વાત વાર્તાકારે તારસ્વરે પ્રગટ કરી છે. પુરુષપ્રધાન સમાજમાં પતિની ઇચ્છાપૂર્તિનું સાધન બનીને રહી જતી નારી માટે તેનાં પોતાનાં સપનાંની દુનિયા જાણે કે ક્યાંય ખોવાઈ જાય છે. પરંતુ નારી જ્યારે વિદ્રોહ કરે ત્યારે કેવું પરિણામ આવે તેની વાત પ્રસ્તુત વાર્તામાં કરવામાં આવી છે.

**‘મેનોપોઝ’**

‘મેનોપોઝ’ વાર્તામાં વાર્તાકારે નારીની શારીરિક રચનાને કારણે તેણે સહન કરવી પડતી પીડાને આલેખી છે. વાર્તાનાયિકા ઊર્મિની મેનોપોઝ સમયની શારીરિક અને માનસિક પીડાને નિરૂપી છે. ‘સ્ત્રીઓને ગર્ભાશય આપી ભગવાને સ્ત્રીઓને જિંદગીભરની સજા કરી છે’ એવું તેનું માનવું છે.

ઘરે આવતાં ઊર્મિને તેની ભૂતકાળની વાતો યાદ આવે છે. તેના દીકરા રાહુલને વાગ્યું ત્યારે ઘામાંથી નીકળતા લોહીને જોઈને તેની દીકરીને પૂછેલો પ્રશ્ન, “મમ્મી આટલું બધું લોહી જોઈ તને બીક ન લાગે?”(44) તેના જવાબમાં ઊર્મિ કહે છે કે, “સ્ત્રીઓને લોહીની બીક ન લાગે.”(45) નાનપણમાં અણસમજણી હતી ત્યારે જ તેને લોહીનો પરિચય થઈ ગયેલો, પિતાજી સામે શરમની મારી તે બોલી પણ ન શકતી. અડવા, આભડવાનું આખું શાસ્ત્ર તેને દાદીમા સમજાવતાં. લગ્ન સમયે પણ ચોખ્ખી તારીખો મેળવીને લગ્નનું મુહૂર્ત કાઢવામાં આવેલું. લગ્ન પછી ચુસ્ત વૈષ્ણવ પરિવારમાં જુદું રાંધી લે, પૂજાની તૈયારી, પ્રસાદ કશાને ભૂલથી પણ અડી ન જવાય તેનું ધ્યાન રાખવું પડતું. અથાણું બરણીમાંથી નહીં કાઢવાનું, કોઠારમાં ડોકું પણ નહીં કરવાનું, એક દિવસ ઉપવાસ કરી ચોથે દિવસે માથું ધોવાનું જેવી શારીરિક તકલીફોની વાત રજૂ કરી વાર્તાકારે જીવનભર સ્ત્રીને સહેવી પડતી માનસિક પીડાની એક યાદી રજૂ કરી છે.

લગ્ન બાદ, સંતાનોના જન્મ સમયે સુવાવડની પીડા, સિઝેરિયન ઓપરેશનની પીડા વેઠતી ઊર્મિને તેની માતા “આપણો સ્ત્રીનો અવતાર ઊર્મિ, બેટા, મીઠાની પૂતળી, જીવનભર ઓગળતા રહેવાનું.”(46) માતૃત્વનો તાજ સદા કીમતી રત્નોથી જડેલો નથી હોતો એ વાત માત્ર સ્ત્રી જ સમજી શકે છે. બીજા બાળક સમયે ઊર્મિને સુવાવડની પીડા અને સિઝેરિયનનો ભય સતત પીડે છે. બાળકના જન્મથી પ્રસન્ન પિતા પત્નીની પ્રસૂતિની વેદનાને સમજવા અસમર્થ હોય છે.

પરિવાર માટે કમાતી, ઘસાતી નારી સમય સાથે હોડમાં દોડતાં દોડતાં થાકીને એ ક્યારે પાછળ પડી જાય છે એની એને ખબર સુધ્ધાં નથી પડતી. સમય જતાં ઊર્મિને મેનોપોઝ સમયની અસહ્ય પીડા સહન કરવી પડે છે. મોટાં થયેલાં સંતાનોનાં મહેણાં ઊર્મિને આઘાત આપે છે. "કેટલી પીડા પછી સંતાનોનો જન્મ... કેટલા પ્રેમ અને કાળજીથી કરેલો એમનો ઉછેર... માંદગીમાં ઉજાગરાભરી આંખોનો રાતો રંગ..." (47)

યુવાન થયેલાં સંતાનો પોતાના ભવિષ્યના સ્વપ્નની રંગપૂરણી કરવામાં પડી જાય છે. તેમની પાછળ જાત ઘસી નાંખનાર ઊર્મિની શારીરિક પીડાની કોઈને દરકાર નથી. ઊર્મિની શારીરિક પીડા વધતાં ગર્ભાશય કઢાવવાનું ઓપરેશન કરાવવું પડે છે. વાર્તાના અંતે માનસીના શબ્દો, "બસ હવે તો ખુશ ને! બંધન લાગતું હતું એ ગયું ને! ઊર્મિબહેન, હવે તમે મુક્ત."(48)

ઊર્મિની આંખમાંથી પડતાં આંસુ તેની વેદનાને પ્રગટ કરે છે. સ્ત્રીમાત્રને જન્મથી શરૂ કરી જીવનના અંતિમ પડાવ સુધી મોટી-મોટી જવાબદારીઓની સાથે સ્ત્રી હોવામાત્રની વિવિધ પ્રકારની શારીરિક પીડા પણ સહન કરવી પડતી હોય છે. વળી, જે સ્ત્રી માતા રૂપે, પત્ની રૂપે ઘર-પરિવારને એક કરવામાં પોતાનો કીમતી સમય ફાળવી દે છે તેને વૃદ્ધાવસ્થાના સમયે પોતાનાં સંતાનો છોડી દે છે. અહીં પણ ઊર્મિનાં દીકરો-દીકરી પોતાની જિંદગી પોતાની રીતે જીવવાનો નિર્ણય લે છે. આ વેદના ઊર્મિ માટે શારીરિક વેદના કરતાં પણ વધુ આઘાતક પુરવાર થાય છે.

પ્રસ્તુત વાર્તામાં દેખીતું શોષણ નથી પરંતુ સ્ત્રીની શારીરિક વેદના, તકલીફોના નિરૂપણની સાથે સંતાનોનું બેજવાબદારીભર્યું વલણ દર્શાવીને વાર્તાકારે સૂક્ષ્મ શોષણને આલેખ્યું છે. રજોનિવૃત્તિનો સામનો કરતી સ્ત્રીના શારીરિક અને માનસિક સ્તરે થતા ફેરફાર અને સંતાપને ઊર્મિના પાત્ર દ્વારા પ્રગટ કર્યા છે.

**'ગાંઠે બાંધ્યું આકાશ'**

પ્રસ્તુત વાર્તા ગૃહજીવનમાં જ પોતાની સાર્થકતા જોતી નારીના જીવનની વિડંબનાઓ રજૂ કરે છે. પોતાના અસ્તિત્વને ભૂલીને માત્ર ને માત્ર ગૃહિણી તરીકેની ફરજો પૂરતું મર્યાદિત કરતી અનેક સ્ત્રીઓના જીવનને ઉજાગર કરતી આ વાર્તા છે. પતિકેન્દ્રિત જીવન જીવતાં રુક્ષ્મણિબેન પતિની ઇચ્છા અને જરૂરિયાતોની પૂર્તિનું એક સાધનમાત્ર બની રહે છે.

પંદર વર્ષની ઉંમરે લગ્નજીવનમાં બંધાયેલાં વાર્તાનાયિકા રુક્ષ્મણિબેન ત્રેપન વર્ષે જ્યારે પતિ મણિકાંતનું દેહાંત થાય છે ત્યાં સુધી સતત ધાક અને ધ્રાસ્કા સાથે જીવન જીવી રહ્યાં છે. પતિ મણિકાંતની જરૂરિયાતો સંતોષવામાં જ જીવન વ્યતિત કરે છે. પોતાની મરજીનું, પોતાને ભાવતું રીંગણાનું શાક પણ પતિની ગેરહાજરીમાં બનાવતાં મનમાં ફફડાટ રહે છે. 'એ શાક ભાણામાં જોતાં જ ભડકશે. ભલું હશે તો થાળીનો ચોકડીમાં ઘા અને કાં એવા લાલઘૂમ ડોળા તતડાવશે કે જંતરડાની જેમ ધૂમ ધૂમ કરતી નજરનો, ફટકો જબરજસ્ત વાગશે. આવા ઘા કોને દેખાય?(49)

આડત્રીસ વર્ષના લગ્નજીવનમાં લોકોની નજરે સુખી દેખાતાં રુક્ષ્મણિબહેનને કેટલું સહન કરવું પડ્યું છે તે વાર્તાકારે ઝીણવટપૂર્વક નિરૂપણ કરી નીચે મુજબ દર્શાવ્યું છે,

‘સવારે ઊઠતાંવેંત ચાનો કપ હાજર, બારણે પડેલાં છાપાં તુરત હાથમાં, નીચે પગ મૂકે ત્યાં સ્લીપર, ટૂથબ્રશ પર પેસ્ટ લગાડીને બેઝિન પર તૈયાર, મોં ધુએ ત્યાં એ જ વખતે ગરમ ફળફળતો નાસ્તો, નહાઈને નીકળે ત્યાં ઇસ્ત્રીદાર કપડાં, બાજુમાં પોલિશવાળા બૂટ કથ્થઈ ચપ્પલ ને કાળાં સેંડલ, લાઇનબંધ. બધું જ ફટોફટ.. છતાંય નિર્લેપભાવે સ્થિર રહીને ઘડિયાળના કાંટાની જેમ શ્વાસભેર, સતત દોડતાં હોય રુક્ષ્મણિબેન.’(50)

દીકરાનાં લગ્ન બાદ પુત્રવધૂને અપાતું મહત્ત્વ, એમના માટે લવાતું ટી.વી, કપડાં; જ્યારે રુક્ષ્મણિબેનની પસંદ-નાપસંદની તેમના પતિને જાણ નથી. પતિનાં અફલાતૂન કપડાં, સુગંધથી મહેક-મહેક થતા પતિ રાત્રે પાછું જોયા વિના બહાર ચાલ્યા જાય. રુક્ષ્મણિબેન છાતી સાથે તકિયો ભીંસીને અંધારામાં પડ્યાં રહે. આમ વરસોનાં વરસ વીતી ગયાં. પતિ ગુજરી ગયા હોવા છતાં રુક્ષ્મણિબેન પુત્ર અને પુત્રવધૂની એ જ અપેક્ષાઓના બોજ નીચે દબાઈ જાય છે. પુનઃ એકધારું અને જવાબદારીભર્યું જીવન જીવવા રુક્ષ્મણિબહેન બંધાઈ જાય છે.

રુક્ષ્મણિબહેનનાં પાડોશી નયનાબહેન તેમનો બાહ્યજીવન સાથે પરિચય કરાવે છે. બહારની દુનિયામાં નીકળ્યા પછી તેઓ પોતાના અસ્તિત્વને ઓળખે છે. બહારની દુનિયાનો અનુભવ તેમને ખૂબ ગમે છે. નયનાબહેનની જીવનશૈલી જોઈને તેમની પણ સ્વકેન્દ્રી જીવન જીવવાની ઇચ્છા બળવત્તર બને છે. નયનાબહેનના ઘરે બાઈની વ્યવસ્થા જોઈને એમને પણ પોતાના ઘરમાં આવી વ્યવસ્થા કરી શકાય એવો વિચાર આવે છે. પુત્ર અને પુત્રવધૂના વિરોધ સામે મજબૂત રીતે ઊભાં રહીને પોતાનો મત રજૂ કરવા જેટલી હિંમત દાખવી શકે છે.

‘ગાંઠે બાંધ્યું આકાશ’ શીર્ષક ઘણું સૂચક છે. સ્ત્રી જન્મથી પિતાની, લગ્ન બાદ પતિની અને વૃદ્ધાવસ્થામાં પુત્રની છત્રછાયા તથા તેઓની ઇચ્છાપૂર્તિમાં પોતાના જીવનની ઇતિશ્રી સમજતી હોય છે. સ્ત્રી પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વ, ઇચ્છાઓ, આકાંક્ષાઓને, વીસરીને સમગ્ર જીવન ઘર-પરિવારને સમર્પિત કરતી હોય છે.

પ્રસ્તુત વાર્તામાં નારી ગૃહસ્થજીવનમાં પોતાના અસ્તિત્વને વીસરી જાય છે. આ વાર્તાની નાયિકા પરિવારની, પતિની જવાબદારી નિભાવે છે પરંતુ પોતાના અસ્તિત્વ અંગે જાગૃત થતાં તે પોતાના અધિકાર અને હક્કની માગણી કરવાની શક્તિ પણ ધરાવે છે. વર્ષા અડાલજાની વાર્તાઓનો નારીવર્ગ મોટા ભાગે શિક્ષિત, સ્વમાની અને વિશ્લેષ કરીને પોતે પોતાનો માર્ગ શોધી પોતાની રીતે જીવન જીવવાની ક્ષમતાવાળો છે.

**સંદર્ભ-સૂચિ**

*(1) 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' (આધુનિક અને અનુઆધુનિકયુગ), પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. 2010, પૃ.256*

*(2) 'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ', સંપા. દિલાવરસિંહ જાડેજા, રમણલાલ પાઠક, શબ્દલોક પ્રકાશન, ચો.આ. સપ્ટેમ્બર, 1991*

*(3) એજન, પૃ.130*

*(4) એજન*

*(5) એજન, પૃ.141*

*(6) 'જવા દઈશું તમને', કુન્દનિકા કાપડિયા, પુનર્મુદ્રણ 1998, નવભારત સાહિત્ય મંદિર, પૃ.133*

*(7) એજન, પૃ.128*

*(8) એજન, પૃ.128*

*(9) એજન, પૃ.128, 129*

*(10) એજન, પૃ.129*

*(11) એજન, પૃ.133*

*(12) એજન, પૃ.190*

*(13) 'કાગળની હોડી', કુન્દનિકા કાપડિયા, નવભારત સાહિત્ય મંદિર, આ. 1978, પૃ.121*

*(14) એજન પૃ.112*

*(15) એજન પૃ.113*

*(16) એજન, પૃ.118*

*(17) એજન, પૃ.119*

*(18) એજન, પૃ.121*

*(19) 'પ્રેમનાં આંસુ', કુંદનિકા કાપડિયા, નવભારત સાહિત્ય મંદિર, પુનર્મુદ્રણ 2004, પૃ.35*

*(20) એજન, પૃ.47*

*(21) 'કુંદનિકા કાપડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ', નવભારત સાહિત્યમંદિર, પુનર્મુદ્રણ-2004, પૃ.126*

*(22) એજન, પૃ.133*

*(23) એજન, પૃ.135*

*(24) એજન, પૃ.138*

*(25) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, ગૂર્જર પ્રકાશન, પુનર્મુદ્રણ એપ્રિલ 2009, પૃ.116*

*(26) એજન, પૃ.117*

*(27) એજન, પૃ.117*

*(28) એજન, પૃ.118*

*(29) એજન, પૃ.119*

*(30) એજન, પૃ.120*

*(31) એજન, પૃ.120*

*(32) 'વિશ્રંભકથા', ધીરુબહેન પટેલ, પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, 2009, પૃ-3*

*(33) એજન, પૃ.5*

*(34) એજન, પૃ.5*

*(35) 'એક લહર', ધીરુબહેન પટેલ, પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, 2009, પૃ.82*

*(36) 'નારીચેતનાની નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, સુનીતા ચૌધરી, પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પુનર્મુદ્રણ 2001, પૃ.120*

*(37) એજન, પૃ.121*

*(38) એજન, પૃ.121*

*(39) એજન, પૃ.122*

*(40) એજન, પૃ.122*

*(41) એજન, પૃ.123*

*(42) એજન, પૃ.124*

*(43) એજન, પૃ.124*

*(44) 'અનુરાધા', વર્ષા અડાલજા, આર. આર. શેઠની કંપની, પ્ર.આ. ફેબ્રુઆરી 2003, પૃ.12*

*(45) એજન, પૃ.12*

*(46) એજન, પૃ.14*

*(47) એજન, પૃ.18*

*(48) એજન, પૃ.21*

*(49) એજન, પૃ.2*

*(50) એજન, પૃ.3*

*=*